# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-06-2024** **Midday : 2.30 to 2.35pm**

**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર ચૈતાલી જોષી વાંચે છે.

---

---------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## RAJKOT GAMEZONE GUJARAT HC

રાજ્યની વડી અદાલતે રાજકોટ ટીઆરપી ગેમઝોન દુર્ઘટના મામલે સુઓમોટો અરજી પર આજે સુનાવણી હાથ ધરી હતી. વડી અદાલતે સરકારને પ્રશ્ન કર્યો હતો કે, હજી સુધી બનાવ બન્યો તે સમયના રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર સામે કેમ ગુનો નોંધવામાં આવ્યો નથી. વડી અદાલતમાં વધુ સુનાવણી આગામી 13મી જૂને થશે.

રાજ્યની વડી અદાલતે ગેમઝોન દુર્ઘટનાની તપાસ માટે રચાયેલી વિશેષ તપાસ ટુકડી ઉપર પણ પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે, દર વખતે વિશેષ તપાસ ટુકડી બને છે પણ દુર્ઘટનાઓ અટકતી નથી. અદાલતના આદેશ બાદ જ તંત્ર હરકતમાં આવે છે. અને થોડા સમય બાદ સ્થિતિ જેમ હતી તેમ થઈ જાય છે આ બદલવું જોઈએ.

અત્રે ઉલ્લેખનીય છે કે, વિશેષ તપાસ ટુકડીએ અહેવાલ માટે બે મહિનાનો સમય માગ્યો હતો, પરંતુ રાજ્ય સરકારે 28 જૂન સુધીમાં અંતિમ અહેવાલ બનાવવાની તાકીદ કરી છે. આ દુર્ઘટનામાં 28 લોકોના મૃત્યુ નિપજ્યાં હતાં.

## weather

આગામી સાત દિવસ માટે રાજ્યમાં ચોમાસા પૂર્વેની પ્રવૃત્તિ અંતર્ગત વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જે મુજબ આજે દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ, તાપી, ડાંગ, દમણ, દાદરા અને નગર હવેલી સહિત દાહોદ અને છોટા ઉદેપુરમાં વીજળીના કડાકા સાથે વરસાદની શક્યતા છે. જ્યારે આગામી 3 દિવસ અમદાવાદમાં અસહ્ય બફારો રહેશે, જેનાથી લોકો અકળામણ અનુભવશે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા 24 કલાક દરમિયાન રાજયનાં માત્ર ચાર શહેરોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાયું હતું. જેમાં અમદાવાદ, ગાંધીનગર, સુરેન્દ્રનગર અને રાજકોટમાં મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્શિયસ કરતાં વધુ નોંધાયું હતું.

9 થી 11 જૂન સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ, ગાંધીનગરમાં રવિવારથી વરસાદ શરૂ થવાની આગાહી છે.

રાજ્યમાં 13 જૂનની આસપાસ ચોમાસાની શરૂઆત થવાની સંભાવના છે અને 25થી 27 જૂન સુધીમાં બનાસકાંઠા સુધીનાં તમામ વિસ્તારને આવરી લેશે.

## Chhota udepur Anand rasraj keri

કેરીની નવી જાત "આનંદ રસરાજ" નવા સ્વાદ, નવી વિશિષ્ટતા સાથે છોટાઉદેપુરના જબુગામ કૃષિ સંશોધન કેન્દ્ર ખાતે વિકસાવવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, લાંબા સમય સુધી ટકી રહેવાની ક્ષમતા ઉચ્ચ ગુણવત્તા, સ્વાદ, ફળનું કદ અને ઉપજ સાથે સંપન્ન, આ આંબાની નવી જાત “આનંદ રસરાજ” બજારમાં કેસર કરતાં પણ વધુ સારી માગ સાથે સમકક્ષ રહેવાની ક્ષમતા ધરાવે છે.

આણંદની કૃષિ યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિક વિનોદ મોરે આ અંગે વધુ માહીતી આપી.

*(બાઈટ - વિનોદ મોર, કૃષિ વૈજ્ઞાનિક, કૃષિ યુનિવર્સિટી આણંદ, જંબુગામ)*

*આનંદ રસરાજ કેરી ગુણવત્તાની દ્રષ્ટિએ સારી જાત છે. આ જાતની કેરીની ખાસિયતમાં કેસર કેરીની જેમ 300થી 350 ગ્રામ વજન, ખાવામાં ખૂબ મીઠી, મીઠાશ સારી હોવાથી લોકોને ગમે છે. રેસાનું પ્રમાણ ઓછું છે. પાક્યા પછી લાંબા સમય સુદી રાખી શકીએ છીએ. અત્યારે, ખેડૂતોને વાવેતર કરવામાં, સંશોધન કેન્દ્ર તેના મધર બ્લોક બનાવવા માટે રોપા તૈયાર કરી રહ્યું છે.*

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

## SURAT RAILWAY Platform-4 Bandh

સુરતમાં બુલેટ ટ્રેનની કામગીરીને ધ્યાનમાં રાખી રેલવે સ્ટેશનનું પ્લેટફોર્મ નંબર ચાર આગામી 90 દિવસ માટે બંધ કરવામાં આવ્યું છે. પ્રવાસીઓએ હવે ઉધના રેલવે સ્ટેશન પરથી ટ્રેન પકડવી પડશે. તાપ્તી ગંગા, સુરત–છપરા ક્લોનની ટ્રેન, અમરાવતી સહિતની નવ ટ્રેન ઉધનાથી ઉપડશે. આ પ્લેટફોર્મ નંબર ચાર બંધ થતાં સાડા ત્રણ લાખ પ્રવાસીઓને અસર થશે.

પ્રવાસીઓને મુશ્કેલી ન પડે તે માટે સ્ટેશનની પૂર્વ તરફ હંગામી ટિકિટબારી બનાવવામાં આવી છે.

## JAMNAGAR CRICKET TOURNAMENT

જામનગરના પોલીસ મુખ્યમથકમાં રાજકોટ રેન્જના પોલીસ ઇન્સ્પેકટર જનરલ અશોકકુમાર યાદવની અધ્યક્ષતામાં D.I.G. કપ પ્રકાશ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતી, જેમાં કુલ 16 ટીમે ભાગ લીધો હતો. આ ક્રિકેટ ટૂર્નામેન્ટની ફાઈનલ મેચમાં જામનગર સામે સુરેન્દ્રનગરની ટીમનો વિજય થયો હતો.

ટૂર્નામેન્ટના અંતે I.G.P. અશોકકુમાર યાદવ સહિતના ઉચ્ચ અધિકારીઓના હસ્તે વિજેતા ટીમને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

## Gujarat uni. choice feeling

ગુજરાત યુનિવર્સિટીનાં પ્રથમ વર્ષ માટે સાયન્સ, કોમર્સ અને આર્ટ્સ સહિતની વિદ્યાશાખાઓમાં પસંદગી મુજબની પ્રવેશ કાર્યવાહીનો પ્રારંભ ગઇકાલનાં બદલે આજથી થશે.

આ કાર્યવાહી આજે સાંજથી 10 જૂન સુધી ચાલશે. 12 જૂને સાંજે પાંચ વાગ્યે આ કાર્યવાહીના આધારે કામચલાઉ પ્રવેશની ફાળવણી કરવામાં આવશે.

## Sabarmati jodhpur train

ઉત્તર પશ્ચિમ રેલવેના અજમેર ડિવિઝનમાં પિંડવારા-બનાસ સ્ટેશન વચ્ચે કામગીરી ચાલતી હોવાથી કેટલીક ટ્રેનો રદ કરવામાં આવી છે.

આજે અને આવતીકાલે જોધપુરથી ઉપડતી જોધપુર-સાબરમતી એક્સપ્રેસ અને આવતીકાલે અને 8મી જૂને સાબરમતીથી ઉપડતી સાબરમતી-જોધપુર એક્સપ્રેસ રદ કરવામાં આવી છે.

આ ઉપરાંત સયાજીનગરી એક્સપ્રેસના આણંદ સ્ટેશન પર આવવા અને જવાનો સમય 20 મિનિટ વહેલો કરવામાં આવ્યો છે. તાત્કાલિક અસરથી ભુજ-દાદર સયાજીનગરી આણંદ સ્ટેશન પરથી સાડા છ વાગ્યે ઉપડશે.